# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૩ તા.૨૧-૧૦-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- પરખ - રાષ્ટ્રીય સર્વેક્ષણ -૨૦૨૪ NAS (National Achievement Survey - 2024) મોક ટેસ્ટ વિડિયો કોન્ફરન્સ બાબત.

સંદર્ભઃ- ક્રમાંક : જીસીઇઆરટી/NAS-2024/૨૦૨૪-૨૫/૨૩૯૫૨-૨૪૦૬૭ તા.૨૧/૧૦/૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પરખ - રાષ્ટ્રીય સર્વેક્ષણ -૨૦૨૪(NAS) સંભવત તારીખ ૦૪ ડિસેમ્બર-૨૦૨૪ ના રોજ ધો.૩,૬ અને ૯ માં યોજવામાં આવનાર છે જેનાથી આપ સૌ વાકેફ છો. તારીખ ૦૪ ડિસેમ્બર-૨૦૨૪ ના રોજ NAS ના કસોટીપત્રનો વિદ્યાસમીક્ષા કેન્દ્ર દ્વારા મોકલી આપવામાં આવનાર છે. આ મોક ટેસ્ટનું આયોજન સુચારૂ રૂપે થઈ શકે તે હેતુસર તા.૨૧-૧૦-૨૦૨૪ના રોજ સાંજે ૧૭-૦૦ કલાકે વિડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી માર્ગદર્શન આપનાર છે. સદર વિડિયો કોન્ફરન્સમાં જોડાવવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૧-૧૦-૨૦૨૪

શાસનાધિકારી

23952 - 24067


નિયામક

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક/જીસીઈઆરટી/ NAS- 2024/૨૦૨૪-૨૫/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ
પરિષદ,ગાંધીનગર
ઈ-મેઈલ director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in

તારીખ - ૧૯/૧૦/૨૦૨૪

પ્રતિ,
પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
શાસનાધિકારીશ્રી
તમામ, ગુજરાત રાજ્ય

**વિષય: પરખ-રાષ્ટ્રીય સર્વેક્ષણ 2024 NAS (National Achievement Survey) મોક ટેસ્ટ વિડિયો કોન્ફરન્સ બાબત.**
**સંદર્ભ** : અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક જીસીઈઆરટી NAS- 2024/૨૦૨૪-૨૫/૨૩૯૧૧ તારીખ.૧૭/૧૦/૨૦૨૪

**શ્રીમાન,**

પરખ – રાષ્ટ્રીય સર્વેક્ષણ 2024 NAS (National Achievement Survey) 4 ડિસેમ્બર, 2024 ના રોજ ધોરણ 3,6 અને ધોરણ 9 માં પસંદ થનાર સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, ખાનગી શાળા અને સેન્ટ્રલ શાળાઓમાં યોજવામાં આવનાર છે. આપ સુવિદિત છો કે ભારત સરકારના આ સર્વેક્ષણના પરિણામના આધારે શૈક્ષણિક ગુણવત્તામાં રાજ્યનો ક્રમ નક્કી થતો હોય છે. તેમજ SDG અને PGI વગેરેમાં આ કસોટીના પરિણામનો જ ઉપયોગ કરવામાં આવે છે.

NAS કસોટીપત્રોનો મહાવરો મળી રહે તે હેતુસર અત્રેની કચેરી દ્વારા પ્રશ્નબેંક તેમજ BISAG પ્રસારણ માધ્યમથી વિવિધ પ્રશ્નો સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવેલ છે. ઉપરાંત વધુ તૈયારી થઇ શકે તે માટે મોક ટેસ્ટનું પણ આયોજન કરવામાં આવેલ છે.

ઉક્ત સંદર્ભદર્શિત પત્રથી તમામ શાળાઓમાં મોક ટેસ્ટનું આયોજન કરવા માટે જણાવેલ છે. જેના કસોટીપત્રો વિદ્યા સમીક્ષા કેન્દ્ર મારફતે મોકલી આપવામાં આવનાર છે. આ મોક ટેસ્ટનું આયોજન સારી રીતે થઇ શકે તે માટે **વિડિયો કોન્ફરન્સનું આયોજન તારીખ ૨૧/૧૦/૨૦૨૪ ના રોજ ૧૭:00 કલાકે કરવામાં આવેલ છે.** આ વિડિયો કોન્ફરન્સમાં માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી માર્ગદર્શન આપનાર છે. જેમાં આપશ્રીએ અચૂક હાજરી આપવાની રહેશે.

આભાર સહ ...

(પી.કે.ત્રિવેદી)
સ્ટેટ લેવલ કો.ઓ. PARAKH - 2024
નિયામક
જીસીઈઆરટી
ગાંધીનગર

**નકલ રવાના :**

- માન. અગ્રસચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર